# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા ૨૬/૭/૨૦૨૩

- **દેશની કિસ્મત બદલવાનો એક માત્ર આખરી ઉપાય છે, બંધારણ મજબુત કરવુ, સંવિધાન એ દેશનુ ભવિષ્ય છે..**

ચિંતન અને મંથન કરી સ્પષ્ટ બનીએ…

- ✔ જુમલાથી જનતાનુ ભલુ થવાનુ હો'ત તો અચ્છે દીન આવી જવા જોઇએ.
- ✔ અંગ્રેજોના શાસનમા દેશ ગુલામ હતો, એમા અને અંગ્રેજોના ચમચાઓના શાસનમા શુ ફરક ? આ અનુભવ ભુલાય તો દેશનુ દુર્ભાંગ્ય…
- ✔ અંગ્રેજોની ડીવાઇડ ઈન રુલ એના ચમચાઓની ડાઈવર્ટ ઈન રુલ.ની નિતી બન્નેમા જનતા પરેશાન.
- ✔ ગોડસેને છાતીએ લગાવવો અને ગાંધીને પગ પડવાનુ, શાસકોનો આ વિરોધાભાસ દેશમા શાંતિ, અમન અને ભાઈચારો ન સ્થાપી શકે.
- ✔ મોદીને ઓળખવા માટે તેના ભાષણો પુરતા છે
  નહેરુને ઓળખવા માટે પુસ્તકાલયમા જવુ પડે…
- ✔ નવી પેઢીઓના ઉજ્જવળ ભવિષ્યના કામોનો દિવો પ્રગટાવવાને બદલે પેઢીઓના અરમાનો સળગાવવાનુ કામ કરતા શાસનને જનતાએ હંમેશા યાદ રાખે છે.
- ✔ આજે દેશની પ્રાથમિકતા કઇ છે ? અને દેશ સામે પડકારો કયા ? ૯ વર્ષથી ભાન ભુલી દેશ ઉપર તાનાશાહાઓ રાજ કરે છે. ૭૦૦ સત્યાગ્રહી અન્નદાતાઓ જીવ ગુમાવે છે અને ક્રુર અને નિષ્ઠુર તાનાશાહ કહે છે કે મારા કારણે થોડા મર્યા છે ? આ સમજ-શબ્દો ભારત સદીઓ સુધી યાદ રહેશે.
- ✔ ખુરશી હલતી દેખાય એટલે રામ, ગંગા અને ગાયમાતાનુ શરણુ લેનારાઓને દેશ ઓળખી ગયો છે. મને ૨૧ દિવસ આપો હુ કોરોના પ્રકોપ માથી બહાર કાઢી દઈશ, મને ૫૧ દિવસ આપો નોટબંધીની નુકશાનીમાથી દેશને બચાવી લઇશ, મને ૧૦૦ દિવસ આપો હુ મોંઘવારી દુર કરી દઈશ…આ તમામ ઘોર નિષ્ફળતાના અંતે છેલ્લે માથુ ટેકવવુ, હાથ જોડવા અને રડવાનુ….

જે રાજા તેની જનતા સામે સમયની ભીખ માંગે, માથુ ટેકવે, હાથ જોડે, વારંવાર આંસુડા સારે ,સંવિધાન બચાવી ન શકે, મહિલાઓ સુરક્ષિત ન રહે, દેશ ભયના ઓથાર નીચે રહે તો આવા ડરપોક રાજા પાસે પોતાની સુખાકારી કે સુરક્ષાની અપેક્ષા કેટલી રાખી શકાય તે બાબતે વિચારીએ… અને સ્પષ્ટ બનીએ.

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ